GJBK120007342022

# અમીરગઢ તાલુકાના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા.

**મું.અમીરગઢ**

ક્રી.કેસ.નંબર ૫૬૮/૨૦૨૨

ફરિયાદી શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી હરીભાઈ લુમ્બાભાઈ બુંબડીયા,
રહે.ધનપુરા, તા.અમીરગઢ જી.બનાસકાંઠા.

**<u>ગુનો : પ્રો.એકટ ૬૫ એએ મુજબ</u>**

## <u>ઠરાવ</u>

૧. ફરીયાદપક્ષન કેસની હક્કીત એવી છે કે, આ કામના આરોપીએ બનાવ સમયે અને સ્થળે કોઈપણ પ્રકારની પાસ પરમીટ વગર પોતાના કબજામાં પ્રતિબંધક મુદામાલ રાખી પકડાઈ જતા આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એમેન્ડમેન્ટ એકટની કલમ ૬૫એએ અન્વયેનો શિક્ષાપાત્ર ગુનો નોંધી તપાસ કરનાર અમલદાર દ્રારા ગુનાની તપાસ કરી અત્રેની અદાલત સમક્ષ આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપ્યાની ખાત્રી કરેલ છે. આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એમેન્ડમેન્ટ એક્ટની કલમ ૬૫એએ મુજબના શિક્ષાપાત્ર ગુનાનુ તહોમત ફરમાવવામાં આવેલ છે અને કબુલાત પુરશીશ રેકર્ડ કરતા આરોપીએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

૩. આરોપીએ સદરહુ ગુનાના કામે અલાયદા કબુલાત પુરશીશ આપી તેમા જાહેર કરેલ છે કે, તેઓના પ્રથમ ગુનો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગના ઈસમ છે. તેઓનો કોઈ સ્થિર ધંધો નથી અને છુટક મજુરી કામ કરે છે અને મજુરી પણ રોજ મળથી નથી. જેથી તેઓ પોતાનુ તેમજ કુંટુબનુ ગુજારન કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી અને આર્થિક પરિસ્થિતી ખરાબ હોવનાના કારણે હાલનો ગુનો થઈ ગયેલ છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે. અને હવે પછી ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુનો આચરીશુ નહી. તેવુ જણાવેલ છે. અને કોર્ટની કાર્યવાહીનો સમય અને નાણાનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદેશથી વિનમ્રમાફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારેલ છે.

૪. તમામ રેકર્ડ ઉપરની હક્કીતો લક્ષમાં લેતા તથા પ્રવર્તમાન કાનુની પ્રબંધો ધ્યાને લેતા આ કામના આરોપી પાસે થી કબજે લેવામાં આવેલ પ્રતિબંધક મુદામાલની માત્રા કે જે સરકારશ્રી દ્વારા નિર્ધારીત કરવામાં આવેલ ન્યુનતમ માત્રાથી પણ ઓછી માત્રા છે. વઘુમાં આરોપી વિરૂદ્ધ જે શિક્ષાપાત્ર ગુનાનુ તહોમત ફરમાવવામાં આવેલ છે તેની શિક્ષાની જોગવાઈ ધ્યાને લેતા કલમ ૬૫એ ેએ માં દરેક ગુનાની માટેની સજા ૦૩ વર્ષ સુધી લંબાવી શકાય અને તે સાથે દંડ કરી શકાય તે મુજબની છે. આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાની હકીકત તથા કેસના સંજોગો અને કબુલાત પુરશીસ થી આરોપીએ રજુ કરેલ કબુલાતનામાની હક્કીત ધ્યાને લેતા તથા તેની સાથે સાથે અદાલત સમક્ષ અન્ય પેન્ડીંગ કેસોની સંખ્યા ધ્યાને લેતા સદર ગુનાના કામે જો આરોપી વિરૂદ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે તો તે કાર્યવાહી માટે હાલના કામના ફરીયાદી કે જેઓ સરકારી અમલદાર છે. તેવી જ રીતે સરકારી સાહેદો ,પંચો અને સરકારી અધિકારી ત.ક અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનુ પ્રમાણન લક્ષમાં લેતા ટુંક સમયમાં હાલમાં ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવાની સંભાવના શક્ય નથી. વઘુમાં ધી પ્રોહીબીશન એક્ટ અન્વયેના કેસોમાં ભુતકાળમાં સાબીત થયેલ કેસોની સંખ્યા અને સજાનુ પ્રમાણ ધ્યાને લેતા તે ઘણુ ઓછુ છે. વઘુમાં આરોપીનો સમય , ફરીયાદીપક્ષે સરકારી સાહેદોનો

સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચજે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલના અંતે આરોપી કસુરવાર કરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે છે. તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે. ત્યારે તેઓની ગુના કબુલાત સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે, તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં સદઉપયોગ કરી શકાય તેમ હોય તેમજ આરોપી જ્યારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય અને તમામ પરિસ્થિતીને ધ્યાને લઈ તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા **ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર જી.એલ.આર.૨૦૦૫ (૧) જી.એલ.આર ૭૦૯** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નિયત કરેલી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુમક કરવામાં આવે થો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય , ઉપરોક્ત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ ની કલમ ૬૫એ ેએ મુજબના ગુના બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૧૦૦ (અંકે એક સો પુરા) નો દંડ ભરવાનો હુમક કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૨/૧૧/૨૦૨૨ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૧૧/૨૦૨૨
મુ.અમીરગઢ

(એસ.જી.પરમાર)
જયુડી.મેજી. ફર્સ્ટ કલાસ
અમીરગઢ
યુનિક કોડ નં.જીજે ૦૧૧૪૬